# આઈએનઆઈએફડી ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીનીઓ માટે માર્શલ આર્ટ તાલીમ



આંતરાષ્ટ્રીય મહિલા દિવસના ભાગરૂપે આઈએનઆઈએફડી ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીનીઓ માટે માર્શલ આર્ટ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈન્સ્ટિટ્યૂટની ૫૦થી વધુ વિદ્યાર્થિનીઓને સેલ્ફ ડિફેન્સ માટેની ac-Known-Do માર્શલ આર્ટ ટેક્નિક શીખવવામાં આવી હતી, જેમાં તેમને મિડલ પંચ, લોવર પંચ, અપર પંચ , બ્લોક, મિડલ બ્લોક, અપર બ્લોક, કિક, અને પુસકિક જેવી ટેક્નિક્સની પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. માર્શલ આર્ટસ સ્પેશિયાલિસ્ટ નીતિન શ્રીમાળી અને સિમ્મી ઉપાધ્યાય દ્વારા આ ટેક્નિક શીખવવામાં આવી હતી.

# મુબારકપુર ગામમાં વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના મુબારકપુર ગામે એક દિવસીય વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને કામધેનુ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી. એચ. વાટલીયા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે પશુપાલન થકી મહિલાઓના સશક્તિકરણની વાત કરી હતી અને આવા પ્રશિક્ષણ કાર્યક્રમોનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે પશુપાલકોને થતી સતત આવક, દૂધ ઉત્પાદક મંડળી અને દૂધ સંઘની વિવિધ સેવાઓ વિષે વિગતે સમજ આપી હતી. ડૉ. જી. આર. ચૌધરીએ પશુ પ્રજનનની સમસ્યાઓ, તેનું નિવારણ અને કૃત્રિમ બીજદાનના ફાયદા વિષે સમજાવ્યું હતું. ડૉ. એમ. બી. રાજપૂતે આદર્શ પશુ રહેઠાણ, વ્યવસ્થા અને પશુ માવજત વિષે પશુપાલકોને માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. શ્રદ્ધા વેકરીયાએ પશુ પોષણ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં અંદાજિત ૨૩૦ થી વધુ પશુપાલક મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનાં અંતે પશુપાલકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના નિષ્ણાતો દ્વારા ઉત્તરો પાઠવવામાં આવ્યા હતા.

# દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા 'પૃથ્વી બચાવો' સેરેમની




દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના પ્રિ-પ્રાઈમરી વિભાગનાં ભૂલકાઓ દ્વારા 'પૃથ્વી બચાવો' થીમ પર ગ્રેજ્યુએશન સેરેમનીની ઉજવણી કરવામાં આવી હતી. જાણીતા શિક્ષણશાસ્ત્રી, મોટીવેશનલ સ્પીકર અને પેરેન્ટ કાઉન્સિલર હર્ષા રામૈયા આ પ્રસંગે અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. ભૂલકાઓએ 'પૃથ્વી બચાવો'ના વિચારને કેન્દ્રમાં રાખીને વિવિધ નૃત્યો અને ગીતોની પ્રસ્તુતિ કરી હતી.

# આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે મહિલા દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૮

આદર્શ નિવાસી કન્યા શાળા, સૅક્ટર-૮ ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આજે દરેકને મા, બહેન, દાદી, ભાભી, કાકી, મામી, અરે ! ગર્લ ફ્રેન્ડ જોઈએ છે, પણ દીકરી નહીં, એવો ઉલ્લેખ કરી ગાંધીનગરનાં રહેવાસી વસતાં સુશીલાબેન, સોનલ મહેતા, કેતકી જાની, મોરલી પટેલનાં સંઘર્ષમય ઉદાહરણ સાથે સ્ત્રી ધારે તો શું કરી શકે એ વિષયે ખૂલીને વાત કરી હતી. આચાર્ય જ્યોતિકાબેન રાવલે પ્રેરણાદાયી વાતો કરીને ૨૫૦ વિદ્યાર્થિનીઓને પાયાના સંસ્કાર આપવાનું કામ કર્યું હતું.

# બીબીએ કૉલેજ દ્વારા સ્વચ્છતા અભિયાન



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન(બીબીએ) દ્વારા સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૪૨ વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે જોડાયા હતા, જેમણે સ્વચ્છતા માટેના શપથ લઈ દરેક વર્ગમાં આ માટેની જાગૃતિ ફેલાવવા પ્રયાસ કર્યો હતો. ઉપરાંત સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને પોતાના રહેણાક વિસ્તાર કે શાળા-કૉલેજ અને અન્ય જાહેર સ્થળો પર પહોંચી સફાઈ માટે લોકોને જાગૃત કરવાનું સ્વીકાર્યું હતું. કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પૃસ્ટીના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના, પ્રો. મેથ્યુ જહોન તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા આ ઉપક્રમને સફળ બનાવવા સક્રિયતા દાખવવામાં આવી હતી.



ગાંધીનગર, તા. ૮

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરકારી આયુર્વેદ હૉસ્પિટલ, સૅક્ટર-૨૨, ગાંધીનગરના પંચકર્મ વૈદ્ય ડૉ. ચેતનાબેન જાનીના માર્ગદર્શન હેઠળ અને ડૉ. જયેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના જીલુભા ધાંધલના સહયોગથી આ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કૉલેજના ૧ હજાર કરતાં પણ વધુ વિદ્યાર્થીઓએ આ ઉપક્રમનો લાભ લીધો હતો.

કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે નિરાલી પટેલ, યુક્તિ પટેલ, જલ્પા રથવી, નિકીતા પટેલ, કિરણ મોરી, મિતુલ વઢેર, પ્રભાત વાળા, આશિષ માવાણી, દિનેશ પટેલ, કૃતિક પટેલ, ઉદિત લકુમ, રીના ડાયાણીએ સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.

# શરમની વાત

આ સમય મારા સોળમા વર્ષનો છે. આપણે આગળ જોઇ ગયા કે પિતાજી ભગંદરની બીમારીથી તદન ખાટલાવશ હતા. તેમની ચાકરીમાં માતુશ્રી, ઘરનો એક જૂનો નોકર અને હું ઘણે ભાગે રહેતાં. મારું કામ 'નર્સ'નું હતું. એમનો ઘા ધોવો, તેમાં દવા નાખવી, મલમ લગાડવાના હોય ત્યારે લગાડવા, તેમને દવા આપવી અને જયારે ઘેર દવા તૈયાર કરવાની હોય ત્યારે તે તૈયાર કરવી, એ મારું ખાસ કામ હતું. રાત્રિએ હંમેશા તેમના પગ ચાપવા અને રજા આપે ત્યારે અથવા તો ઊંઘી ગયા હોય ત્યારે મારે સૂઈ જવું એવો નિયમ હતો. મને આ સેવા અતિશય પ્રિય હતી. કોઈ દિવસ તેમાંથી હું ચૂકયો હોઉં એવું મને સ્મરણ નથી. આ દિવસો હાઈસ્કૂલના તો હતા જ, એટલે મારો ખાવાપીવાનો બચતો વખત નિશાળમાં અથવા તો પિતાજીની સેવામાં જ જતો, એમની આજ્ઞા મળે અને એમની તબિયતને અનુકૂળ હોય ત્યારે સાંજના ફરવા જતો.

150 ગાંધીયાત્રા

આ જ વર્ષે પત્ની ગર્ભવતી થઈ. એમાં બેવડી શરમ સમાયેલી આજે હું જોઈ શકું છું. એક તો એ કે વિદ્યાભ્યાસનો આ કાળ હોવા છતાં મેં સંયમ ન જાળવ્યો, અને બીજી એ કે જોકે નિશાળનો અભ્યાસ કરવાનો ધર્મ હું સમજતો હતો અને તેથીયે વધારે માતપિતાની ભકિતનો ધર્મ સમજતો હતો, તે એટલે સુધી કે એ બાબતમાં બાલ્યાવસ્થાની જ શ્રવણ મારો આદર્શ થઈ રહ્યો હતો, - તે છતાં વિષય મારા ઉપર સવાર થઈ શકતો હતો. એટલે કે, દરેક રાત્રિએ જોકે હું પિતાજીને પગચંપી તો કરતો છતાં સાથે સાથે મન શયનગૃહ તરફ દોડયા કરતું, અને તે પણ એવે સમયે કે જયારે સ્ત્રીનો સંગ ધર્મશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર અને વ્યવહારશાસ્ત્ર પ્રમાણે ત્યાજય હતો. જયારે મને સેવામાંથી છૂટી મળતી ત્યારે હું રાજી થતો અને પિતાશ્રીને પગે લાગીને સીધો શયનગૃહમાં ચાલ્યો જતો. પિતાજીની માંદગી વધતી જતી હતી. વૈદ્યોએ પોતાના લેપ અજમાવ્યા, હકીમોએ મલમપટ્ટીઓ અજમાવી, સામાન્ય હજામાદિની ઘરગથ્થુ દવાઓ પણ કરી; અંગ્રેજ દાકતરે પણ પોતાની અક્કલ અજમાવી. અંગ્રેજ દાકતરે શસ્ત્રક્રિયા એ જ ઈલાજ છે એમ સૂચવ્યું. (ક્રમશઃ)




'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# ૧૨ સાયન્સની પરીક્ષા આપી રહ્યો છું, સ્ટ્રેસ છે, શું કરું ?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. હું ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. આર્કિટેક્ટ બનવા શું કરવું? માહિતી આપશો.**

**- દિલીપ ડાભી, ગાંધીનગર**

આ ક્ષેત્રમાં સુ-વ્યવસ્થિત ડિઝાઈન, સુરક્ષા વ્યવસ્થાપન, સૌંદર્ય શાસ્ત્ર, સામગ્રી સંચાલન વગેરે જેવા વિવિધ કાર્યો આવરી લે છે.આપ આર્કીટેક્ચરમાં બેચલર ડીગ્રી પ્રાપ્ત કર્યા પછી આર્કિટેક્ટ બની શકો છો.આર્કીટેક્ટ નું કાર્ય સ્થાન અને આંતરિક ડિઝાઈન અને આવશ્યકતાઓને આધારે કાર્યોનું વિશ્લેષણ કરવાનું, સ્કેચ અને મોડેલ્સ સાથે કામ કરવાનું, દા.ત.હાથ દ્વારા અથવા ૩-ડી મોડેલ્સ તરીકે ઈમારતો દોરવાનું, બિલ્ડરો સાથે વાટાઘાટો,ઈજનેર અને કોન્ટ્રાક્ટરનું કામ સમજવાનું, પ્રોજેક્ટ વિશે કાયદાકીય માહિતી,બાંધકામ પ્રક્રિયા સાથે નું વિશ્લેષણ, વહીવટી કાર્ય,બાંધકામ કંપનીમા અથવા જાહેર વહીવટમાં કામ કરવાનું હોય છે.આર્કિટેક નું મુખ્ય કામ ક્લાઈન્ટ



એટ્લે કે ગ્રાહક ની જરૂરિયાત ને સમજી એના ઉપર કામ કરવાનું હોય છે. બેચલર ઑફ આર્કિટેક્ચર (બી.આર્ચ.) ૫ વર્ષનું પૂર્ણ-સમય અવધિ કાર્યક્રમ છે. તે ૧૦ સેમેસ્ટરનું બનેલું છે. બેચલર ઑફ આર્કિટેક્ચરમાં પ્રવેશ માટે આપે બારમું ધોરણ ગણિત અને અંગ્રેજી વિષય સાથે ન્યુનત્તમ ૫૦% માર્કસ સાથે પાસ કરેલ હોવું જોઈએ.તથા આપ જે.ઈ.ઈ. અને એન.એ.ટી.એ (નેશનલ એપ્ટિટ્યુડ ટેસ્ટ ઈન આર્કિટેક્ચર) પ્રવેશ પ્રક્રિયા ધ્વારા પણ પ્રવેશ મેળવી શકો છો. આર્કિટેક્ચરની વ્યવસાયિક પ્રેક્ટિસમાં એન્જિનિયરિંગ, આર્ટ્સ અને તકનીકી ક્ષેત્રોના વિષયો પર કામ કરવાનું હોય છે.આપ બેચલર ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી આ ક્ષેત્ર માં માસ્ટર તથા ત્યાર બાદ પી.એચ.ડી પણ કરી શકો છો.આ ક્ષેત્ર માં આપની પાસે શૈક્ષણિક લાયકાત ઉપરાંત અન્ય ફાવટ પણ હોવી જરૂરી છે.જેમ કે કોમ્યુનિકેશન સ્કિલ એટ્લે કે વાતચીત કરવાની આવડત, શારીરિક ક્ષમતા પણ એટલો જ મહત્વનો ભાગ ભજવે છે.એ સિવાય ધીરજ,એક ટીમ તરીકે કામ કરવું, વિચારવાની અલગ ક્ષમતા ,પારખી નજર વગેરે વસ્તુ પણ અગત્યનો ભાગ ભજવે છે. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ ક વ્હોટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૨. હું ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરું છું. વાંચન પૂરું ના થવાને લીધે મને ખૂબ સ્ટ્રેસ રહે છે. જરૂરી માર્ગદર્શન આપશો.**

**- નિમેશ વ્યાસ, ગાંધીનગર**

નિમેશ, ભણતર તમારા માટે જરૂરી છે. પણ સ્ટ્રેસ માત્ર ભણતરના લીધે નહીં પણ કોઈ પણ કારણસર ના થવું જોઈએ. કદાચ તમારે પોતાના સમયને સાચી દિશામાં વાપરવાની જરૂર છે. સમયનો સદુપયોગ એ તમારી સમસ્યાનું નિરાકરણ હોઈ શકે છે. દરરોજ સવારે તમે શું કરવા માંગો છો તે નક્કી કરો.



પેપર પર 'ટુ-ડુ લિસ્ટ' બનાવો. સૂચિ ગોઠવો અને યોજના બનાવો. યોજના પ્રમાણે વાંચવાનું ચાલુ કરો.જે વિચાર્યુ છે એ વાંચન પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉંઘવાનું નહીં. હવે જ્યારે તમારી બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગયી છે તો ખાસ ધ્યાન રાખજો કે તમને કોઈ પણ પ્રકારનું સ્ટ્રેસ થાય નહીં. જે તમારે વાંચવાનું હતું તે તમે વાંચી ચૂક્યા છો. હવે તમે જે તમને ફાવે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. નવી-નવી વસ્તુઓ કે નવા-નવા ચેપ્ટર હવે શીખવાની લગભગ જરૂર નથી. જૂના પેપર્સ જોઈને તેની પ્રેક્ટિસ કરો. જેટલું બને તેટલું શિખેલી વસ્તુઓનું રિવિઝન કરો. આમ કરવા થી તમારું પરિણામ ચોક્કસપણે સુધરશે. રાત્રે સુતા પહેલા એટલી ખાતરી કરવી કે તે દિવસનું નક્કી કરેલું કાર્ય પૂર્ણ છે. જો ના થયું હોય તો કાલે જ પરીક્ષા છે એમ માનીને વાંચતા રહેવું. આટલુ કરી જુઓ. તમને પોતાને જ ફરક જણાશે. તમારી સમસ્યા દૂર થશે અને અભ્યાસ પ્રતિ આત્મવિશ્વાસ વધશે. આપ ચિંતા કર્યા વગર શાંત દિમાગથી તૈયારી કરો. સફળતા જરૂર મળશે. યાદ રાખજો કે ક્રિકેટમાં જેમ છેલ્લા બૉલને કારણે મેચનું પરિણામ બદલાઈ જતું હોય છે તેમ તમે પણ અત્યારે ધીરજ, આત્મવિશ્વાસ અને મેહનત પોતાનું પરિણામ સુધારી શકો છો અને સુધારશોજ. ઓલ ધ બેસ્ટ! આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ કે વ્હોટ્સ એપ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૩. હું બી.કોમ.માં અભ્યાસ કરું છું.એમ.બી.એ કરવા માંગુ છું. માહિતી આપશો.**

**- પ્રાચી પટેલ, દહેગામ**

એમ.બી.એ તમે વિચારી રહ્યા છો એ એક સારો વિકલ્પ છે અને તમને આગળ એક સારું કરિયર બનાવી આપશે. બહુજ અગત્યની વાત એ છે કે તમે એમ.બી.એ કોઈ નામાંકિત કોલેજમાથી કરો. આજકાલ ઘણી એમ.બી.એ અને તેના જેવા અભ્યાસક્રમ કરાવતી સંસ્થાઓ



ઉપલબ્ધ છે.. કોલેજ સિલેક્ટ કરતાં પેહલા તે સરકાર માન્ય છે કે નહીં તે ચકાસી લેવું. સામાન્ય રીતે જો ભારતમાં સ્થિત કોઈ સારી કોલેજમાંથી એમ.બી.એ કરવું હોય તો સી.એ.ટી , સી.એમ.એ.ટી, એકસ.એ.ટી, એસ.અન.આ.પી , એન.એમ.એ ટી , વિગેરે જેવી પરીક્ષા આપવી પડતી હોય છે. તેમાં સિલેક્ટ થયા પછી તમારી પર્સનાલિટીનું મૂલ્યાંકન અમુક ચોક્કસ ટેસ્ટ દ્વારા કરવામાં આવે છે. એમાં પણ ઉતીર્ણ થયા પછી સિલેકશન થતું હોય છે. અનુભવની વાત કરીયે તો જેટલો હોય તેટલો સારો ગણાય. છતાં લગભગ ૨ વર્ષથી વધારે જો અનુભવ હોય તો સારું ગણાતું હોય છે. અગત્યની વાત એ છે કે એમ.બી.એ કરવા માટે અનુભવ જરૂરી નથી. સારી એમ.બી.એ કોલેજમાં લગભગ ૫૦% વિદ્યાર્થીઓ અનુભવી અને બાકીના ૫૦% બિનઅનુભવી હોતા હોય છે.આમ આપ અત્યાર થી થી એમ.બી.એ માટે લેવામાં આવતી જણાવેલ પ્રવેશ પરીક્ષાઓ માટે ની યોગ્ય તૈયારી ચાલુ કરી ને કોઈ સારી પ્રતિષ્ઠિત કોલેજ માં પ્રવેશ મળવી શકો છો. આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઇલ ક વ્હોટ્સ એપ કરી શકો છો.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ ઍડ્રેસ, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 8849221653
ફેસબુક: www.facebook.com/questions.careercorner